**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૯ ડીગ્રી
લઘુતમ : ૧૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૩ ટકા

# મેટ્રો, મૉલ અને મકાનો નગરની લંબાઈ વધારે છે, સંતો નગરને ઊંચાઈ અર્પે છે

## પૂજ્ય ગુરુમાના સત્સંગના રજતજયંતિ વર્ષ-કૃપાપર્વના આરંભે લેખક-સાહિત્યકાર-ચિંતક વી.એસ.ગઢવીનું મનનીય વક્તવ્ય

ગાંધીનગરમાં પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીના સત્સંગને ૨૫ વર્ષ સંપન્ન થયા. તા. ૧ માર્ચ, ૧૯૯૮ એ પૂજ્ય ગુરુમાએ ગાંધીનગરમાં સત્સંગનો શુભારંભ કર્યો હતો. ૨૫ વર્ષથી પૂજ્ય ગુરુમા નિયમિત રીતે સપ્તાહમાં ચાર દિવસ ગીતાજી અને ઉપનિષદનો સત્સંગ કરાવે છે. પૂજ્ય ગુરુમાએ સાતત્યપૂર્વક સંસ્કાર સિંચન કર્યું છે. વરિષ્ઠ લેખક, સાહિત્યકાર અને ચિંતક શ્રી વસંતભાઈ ગઢવીએ આ અવસરે પૂજ્ય ગુરુમા પ્રત્યે આભારની લાગણીની અભિવ્યક્તિ કરતાં કહ્યું હતું કે, સત્સંગ તો ભગવાન જગન્નાથજીનો રથ છે એને સમગ્ર સમાજ ખેંચે એ જ ભગવાન તરફની આપણી સાચી ભક્તિ છે. પૂજ્ય ગુરુમા સત્સંગના માધ્યમથી અનેક લોકોના જીવનમાં અજવાળાં પાથરી રહ્યાં છે. સ્વસ્થ સમાજના નિર્માણ માટેની આ અમૂલ્ય તક છે. સમાજના હિતમાં, વ્યક્તિગત કલ્યાણ માટે વધુને વધુ લોકો સત્સંગનો લાભ લે એ જ પૂજ્ય ગુરુમા પ્રત્યેની આપણી કૃતજ્ઞતા હોઈ શકે. વી. એસ. ગઢવીએ કહ્યું હતું કે, શહેરો માટે મેટ્રો ટ્રેન, મોલ્સ અને મકાનો આવકાર્ય છે, જેનાથી શહેરની લંબાઈ વધતી હોય છે.




માળખાકીય સુવિધાઓ શહેરની લંબાઈ વધારે છે, જ્યારે સમદર્શન આશ્રમ જેવા સ્થળો અને પૂજ્ય ગુરુમા જેવા સંતો શહેરને ઊંચાઈ આપે છે. ગાંધીનગરનું એ સદભાગ્ય છે કે પૂજ્ય ગુરુમા જેવા તીર્થસ્થાનો અહીં આપણી પાસે છે.

પૂજ્ય ગુરુમાના સત્સંગની રજતજયંતી પ્રસંગે સમદર્શન આશ્રમ, સેક્ટર-૧ દ્વારા 'કૃપાપર્વ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. કૃપાપર્વના પ્રારંભે વી.એસ.ગઢવીએ કહ્યું હતું કે, સારું કામ શરૂ કરવાનો કોઈ નિર્ધાર કરે તો મુશ્કેલીઓ નથી આવતી, એટલું જ નહીં અનેક મુશ્કેલીઓ ઓળંગી જવાની શક્તિ પણ મળે છે. સારા કામને કોઈ બંધનો પણ નડતા નથી. પરમ પૂજ્ય ગુરુમાના સત્સંગમાં અત્યારે ગીતાજીનું પાંચમું આવર્તન ચાલી રહ્યું છે. એટલે કે અત્યાર સુધીમાં ચાર વખત સંપૂર્ણ ગીતાજીનો સત્સંગ સંપન્ન થયો છે અને પાંચમી વખત ગીતાજીનો સત્સંગ ચાલી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે આજના સમયમાં, વર્તમાન વાતાવરણમાં આ અસામાન્ય ઘટના છે. વિચાર, વાણી અને વર્તનમાં કોઈ ભિન્નતા ન રહે તો આવા પરિણામો આવે.

વી. એસ. ગઢવીએ કહ્યું હતું કે, સામાજિક હિત અને ઉત્કર્ષ માટે પૂજ્ય ગુરુમાનો આ કર્મયોગ છે, જેનાથી આપણે લાભાન્વિત થઈ રહ્યા છીએ. સાતત્ય અને નિયમિતતાથી એક વિશ્વાસનીયતા ઊભી થાય છે. એમ કહીને તેમણે કહ્યું કે, કર્મયોગનું મોટું દ્રષ્ટાંત છે પૂજ્ય ગુરુમા. પૂજ્ય ગુરુમાના સત્સંગથી વ્યક્તિમાં ગુણાત્મક પરિવર્તન આવે છે. વસંતભાઈ ગઢવી સાથે સમદર્શન પરિવારના કિરીટભાઈ અધ્વર્યુ અને શ્રીમતી સંગીતાબેન અધ્વર્યુએ દીપ પ્રગટાવીને કૃપાપર્વની ઉજવણીનો વિધિવત આરંભ કર્યો હતો. કૃપાપર્વના શુભારંભ અવસરનું સંચાલન કરતાં ક્રિષ્ના દવેએ કહ્યું હતું કે, આનંદ હોય તો અંતર છલકાય, અહોભાવ હોય તો અંતર મલકાય, અહોભાવ અને આનંદ બંને હોય તો કૃપાપર્વ સર્જાય.

# શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં પીએસઆઈ દ્વારા જનજાગૃત્તિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩

આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી ઉંતર્ગત પોલીસ વિભાગ દ્વારા વિવિધ વિષયો પર શાળા-કોલેજોમાં વ્યાખ્યાનના આયોજન અંતર્ગત તા. ૨૮-૨-૨૩ના રોજ ગાંધીનગર પોલીસ દ્વારા શેઠ સી.એમ. હાઈસ્કૂલ, સે. ૨૩ ખાતે ગાંધીનગર જિલ્લા પોલીસના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર પી.જી. રાઠોડ-પોલીસ ઈન્સ્પેક્ટર, ડી.બી. વાળા-પોલીસ ઈન્સ્પેક્ટર, એલસીબી-૧૦, ઉન્નતિ એસ. પટેલ- પોલીસ ઈન્સ્પેક્ટર, મહિલા પોલીસ સ્ટેશન, સે. ૧૬, દ્વારા વ્યાખ્યાન દ્વારા જનજાગૃતિ અંગેનો કાર્યક્રમ યોજાયો હતો.






પોલીસ ઈન્સ્પેક્ટર વી.જી. રાઠોડ દ્વારા ૧૮૧ અભયમ્, SHE TEME, સાયબર ક્રાઈમથી મહિલાઓની સુરક્ષા વગેરે બાબતે જાણકારી આપી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર ઉન્નતિ એસ. પટેલ દ્વારા મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણ અને દેશના સશક્તિકરણ વિષય પર વ્યાખ્યાન આપ્યુ હતુ. જેમાં મહિલાઓની સુરક્ષા સંબંધિત વિવિધ કાયદાઓ તથા પોલીસ દ્વારા મહિલાઓની સુરક્ષા માટેના પગલાઓ વિશે જાણકારી આપી હતી.

પોલીસ ઈન્સ્પેક્ટર ડી.બી. વાળા દ્વારા સાયબર સુરક્ષા રાષ્ટ્રીય સુરક્ષા વિષય પર વ્યાખ્યાન આપી, જરૂરી તકેદારી દાખવી સાયબર ક્રાઈમમાંથી કઈ રીતે બચી શકાય તે અંગે માહિતગાર કર્યા હતા. તથા કાર્યક્રમમાં જરૂરી માહિતીવાળા પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે શેઠ સી.એમ. હાઈસ્કૂલના આચાર્ય ડૉ. ચેતના અરૂણ બુચ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. શેઠ સી.એમ. હાઈસ્કૂલના બાળકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સૂતરની આંટીથી સન્માન કરવામાં આવ્યુ હતુ. શાળાના જિજ્ઞાબેન મોદી, આશાબેન પટેલ, ડૉ. જ્ઞાનસાગર પટેલ, હિરેનભાઈ પટેલ, શંકરભાઈ પટેલ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


## જન્મદિને વધામણી


પુષ્પરાજ યુવરાજ રાઠોડ


કરણકુમાર જગદીશભાઈ શ્રીમાળી
મો. ૮૧૬૦૫ ૭૫૯૮૨


મિતરાજસિંહ ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧


પરમાર દિવ્યાંશી રિન્કેશકુમાર



પરમ ઉર્મિત પટેલ

# નવા નરોડા વિસ્તારમાં રહેતા પરિવારના લગ્ન પ્રસંગે સામાજિક સુધારાનો પ્રયાસ

ગાંધીનગર.તા.૦૩

સમાજ માં લગ્ન પ્રસંગો માં દેખા દેખી વધી રહી છે જેમાં મધ્યમ વર્ગ બિનજરૂરી ખર્ચા માં દેવું કરવા માટે મજબૂર બની રહ્યો છે. ફિલ્મી દુનિયા ની વાત કરીએ તો આ ટીવી માં ચમકતા ચહેરાઓ પોતાની રીયલ લાઈફમાં લગ્નો માં કરોડો રૂપિયા નો ખર્ચ કરી દે છે.ત્યારે આ લગ્નોનું અનુકરણ કરવામાં આવી રહ્યું છે.લોકો બિનજરૂરી ખર્ચ કરી ને આર્થિક રીતે ટુટી રહ્યા છે. તો બીજી બાજુ સમાજના કુરિવાજો પણ લગ્નમાં ખર્ચ વધારી દેતા હોય છે. સોનાના ભાવ આસમાને પહોંચ્યા છે ત્યારે લોકોને સોનું ખરીદવા માટે ફાફા પડી જાય છે એવામાં જે તે સમાજના કુરિવાજોને બંધ કરવા જ યોગ્ય છે. કારણ કે ગરીબ લોકો માટે દહેજ પ્રથા ખૂબ મુશ્કેલ બની રહી છે. ત્યારે એક સમાજના જાગૃત નાગરિકો દ્વારા લગ્નમાં થતા બિનજરૂરી ખર્ચ પર અંકુશ મૂકવાનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો છે. લગ્નજીવનની સફળતા માટે બંને વ્યક્તિના



સ્વભાવ અને વિચાર મળતા હોય તો લગભગ લગ્નજીવનને કંઈ વાંધો આવતો નથી આવા વિચારો વાળા યુવરાજસિંહ ચાવડા આજોલ ગાંધીનગરવાળા અને મહેશ્વરી કુવરબા રણા ચાવડા બિલોદરા માણસા બંનેના વડીલોએ લગ્ન માટે સંમત થઈ તેમના દીકરા દીકરીને બતાવતા એકબીજાની પસંદ કરી લીધા હતા લગ્ન કરવા માટેનો સંકલ્પ કર્યો હતો. લગ્ન પહેલા નક્કી કર લીધું કે લગ્નનું પ્રી વેડિંગ શૂટિંગ કરવાનું નહીં ડીજે કે વરઘોડા ફટાકડામા રૂપિયા બગાડવા નહિ લગ્ન નિમિત્તે કોઈ ભેટ રૂપિયા દહેજ બીજી કોઈ માગણી કરવી નહીં અને બંને ગાંધીનગરની રાજપૂત સમાજની એક વાડીમા વડીલોને હાજર રાખી લગ્ન સંપન્ન કર્યા છે હજી પણ રાજપૂત સમાજમાં દહેજ એટલે રોકડ અથવા દાગીના વર પક્ષ તરફથી માંગવામાં આવે છે પરિવારો શિક્ષિત થઈ આ બધા રિવાજની બાદ બાકી કરી હતી આ દંપતિએ સમાજને કુરિવાજોથી દૂર રહી બિનજરૂરી ખર્ચ નહીં કરી અન્ય યુવાન ના માટે પ્રેરક દાખલો બેસાડયો છે.

# માર્ચ મહિનાની પુસ્તક પરબ બલરામ મંદિરે યોજાશે

ગાંધીનગર, તા.૩

છેલ્લા નવ વર્ષથી ગાંધીનગરમાં મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. આ માર્ચ મહિનાની પુસ્તક પરબ તા.૫, રવિવારે સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન બલરામ મંદિર, સેક્ટર-૧૨, ઉમિયા મંદિર પાસે, ગાંધીનગરમાં યોજાશે. પરબની મુલાકાત લેવા સહુ નગરજનોને, પુસ્તકપ્રેમીઓ, વડીલો, વિદ્યાર્થીઓને આત્મન સંસ્થા તરફથી વિનંતી છે. મુલાકાતી બે પુસ્તક અને સામયિક પસંદ કરી વિનામૂલ્યે લઈ જઈ શકશે. આ પુસ્તક પરબ માતૃભાષાના પ્રસાર હેતુ, સારા પુસ્તકોના વાંચનને પ્રોત્સાહન મળે તે હેતુસર માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવે છે. પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે.

ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લા એક વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે.



સુરત શિક્ષણ સમિતિ સંચાલિત રમણલાલ વસંતલાલ દેસાઈ પરવટ પ્રાથમિક શાળા ક્રમાંક ૩૦૪માં ૨૮ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.શાળાના વિજ્ઞાન શિક્ષકના માર્ગદર્શન હેઠળ ૧૦૨ બાળ વૈજ્ઞાનિકોએ અલગ અલગ ૪૫ વિજ્ઞાનની કૃતિઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન શિક્ષણ સમિતિના સદસ્ય સંજયભાઈ પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની નિહાળવા માટે શિક્ષણ સમિતિના સભ્ય શુભમભાઈ ઉપાધ્યાય, નિરંજનાબેન જાની, યુ.આર.સી. પુરષોત્તમભાઈ, સી.આર.સી. નરસૈયાભાઈ તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ સુંદર વિજ્ઞાન પ્રદર્શનમાં શાળાના બાળવૈજ્ઞાનિકોની પ્રતિભા જોઈ.તમામ ઉપસ્થિત મહેમાનો દ્વારા શાળાના આચાર્ય તથા શિક્ષકોના કામને બિરદાવતા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# જે.બી.પ્રાથમિક શાળામાં ક્વીઝ સ્પર્ધાનું આયોજન



ગાંધીનગર, તા.૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી.પ્રાથમિક શાળાના ધો.૭ના વિદ્યાર્થીઓની કવીઝ સ્પર્ધાનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ વર્ગના ત્રણ ત્રણ વિદ્યાર્થીઓના કુલ ચાર ટીમ દ્વારા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક ટીમને પ્રતાપ, આર્યભટ્ટ, મહાત્મા અને નર્મદ જેવા નામ આપવામાં આવ્યા હતા. બઝર, પ્રશ્નોત્તારી, તસવીર ઓળખ જેવા અલગ રાઉન્ડથી સ્પર્ધા યોજાઈ હતી. બાળકોએ આ સ્પર્ધામાં દરેક રાઉન્ડમાં સુંદર જવાબો આપી સમજણ શક્તિ અને નિર્ણય શક્તિનું ઉદાહરણ આપ્યું હતું. સ્પર્ધાના અંતે બે ટીમો વિજેતા બની હતી. વિજેતા ટીમને શાળાના આચાર્ય દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મહાત્મા ટીમ પ્રથમ તથા પ્રતાપ ટીમ દ્વિતિય ક્રમે વિજેતા બની હતી.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સાયન્સ સીટી ખાતે આકાશ દર્શન

ગાંધીનગર, તા.૩

ગુજરાત સાયન્સ સીટી અમદાવાદ અને ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી અંતર્ગત સાયન્સ સીટી ખાતે સાયન્સ કાર્નિવલ ૨૦૨૩ નુંઆયોજન કરવામાંઆવ્યું છે. ચાર દિવસના આ કાર્યક્રમમાં વિજ્ઞાન પ્રદર્શનની સાથે સાથે વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે જેનો લાભ હજારો વિદ્યાર્થીઓ તથા વિજ્ઞાન પ્રેમીઓ લઈ રહ્યા છે. તા ૨ અને ૩ માર્ચ દરમ્યાન સાંજે પશ્ચિમના આકાશમાં ગુરુ અને શુક્ર ગ્રહની સુંદર યુતિ જોવા મળે છે. આ બે ગ્રહો આ બે દીવસ ઘણા નજીક હતા. સાયન્સ સીટી ખાતે આ માટે ૫ જેટલાં ટેલિસ્કોપ લગાડવામાં આવ્યા હતાં. જેમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના ડૉ. અનિલ પટેલ અને શિવાંગ પટેલે ટેલિસ્કોપ દ્વારા ચંદ્ર, ગુરુ, ગુરુના ઉપગ્રહ, શુક્ર વગેરે અવકાશીય પદાર્થોને ટેલિસ્કોપથી દેખાડ્યા હતા. રાત્રીના આકાશમાં જોવા મળતી વિવિધ રાશિઓ તથા નક્ષત્રો વિશે પણ સુંદર સમજ આપી હતી.



# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ચારિત્ર્ય નિર્માણ હેતુ વિદ્યાર્થી શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૩

યુવા વિદ્યાર્થીઓનાં જીવન ઘડતર અને ચારિત્ર્ય નિર્માણ હેતુથી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સર્વ નેતૃત્વ ૭૦મીં નિવાસી તાલીમ શિબિર સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ, જેમા ગાંધીનગર અને કડી કેમ્પસ સ્થિત જુદી જુદી ૧૬ કોલેજોના કુલ ૭૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો જેમાં ગુજરાતના જાણીતા કપલ ટ્રેનર દીપકભાઈ અને ઉમાબેન તેરૈયા (ઉદ્દીપક) ઉપસ્થિત રહી વિધાર્થીઓને સ્પષ્ટતા અને હકારાત્મક અભિગમ સાથે સફળ જીવન જીવવા માટેના પાઠ શિખવ્યા હતા. લીડરશિપ કેળવણી માટે ટાઈમ મેનેજમેન્ટ, આઈડેંન્ટિફાય યોરસેલ્ફ, મેનેજમેન્ટ ગેમ્સ થકી આગવા અંદાજમાં જીવનનાં ઉપયોગી મૂલ્યો શીખવ્યા હતા. ગેસ્ટ સ્પીકર તરીકે મિસ વર્લ્ડ યોગિની પૂજાબેન પટેલ ઉપસ્થિત રહી યુવાનોને પોતાના કાર્યનો અનુભવ જણાવી પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમના અંતે તમામ વિધાર્થીઓએ અમદાવાદ સ્થિત ૧૦૮ જી.વી.કે.ઇ.એમ. આર.ઈ દ્વારા થતી અલગ અલગ સેવાકાર્યો વિષે વિસ્તૃત માહિતી આપી વિધાર્થીઓને સમજ પૂરી પાડી હતી.

નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં સર્વ વિદ્યાલય કેમ્પસ કડીના ડાયરેક્ટર અને પ્રમુખ સ્વામી સાયન્સ કોલેજના આચાર્ય ડો. અજયભાઈ ગોરની ખાસ ઉપસ્થિતિ રહી યુવાનોની ક્ષમતાનો ઉપયોગ કરી યુવા શુ કરી શકે છે તેના વિવિધ ઉદાહરણ દ્વારા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક તરીકે ડો આશિષ ભૂવા, પ્રો.યશ પટેલ, પ્રો સૂરજ મુંજાણી, રાહુલ સુખડીયા અને વોલેન્ટીઅર હેરી પટેલ, વિક્રાંતસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સમસ્ત બ્રહ્મસમાજ રાજયકક્ષા દ્વારા વાવોલ ખાતે મહિલા શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૩

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ રાજયકક્ષા ગાંધીનગર જિલ્લા મહિલા પાખના પ્રમુખ છાયા ત્રિવેદીના આયોજન હેઠળ "શ્રી કમલપુંજ પાર્ટી પ્લોટ" વાવોલ ખાતે એક દિવસીય મહિલા શિબિરનું આયોજન રાજયકક્ષાના મુખ્ય સંગઠક ડૉ અશ્વિનભાઈ ત્રિવેદી એડવોકેટના સહયોગથી કરવામા આવ્યું હતુ જેમાં મહિલાઓને યોગગુરુ ભાવનાબેન જોશી દ્વારા યોગા, જયશ્રીબેન, હેતલબેન, શ્વેતાબેન તથા તેમની ટીમ દ્વારા ઝુમ્બા, મેડીટેશન વગેરે શીખવાડવામાં આવ્યું હતું તથા બહેનોને જુદી જુદી જાતની રમતો રમાડવામાં આવી અને ગરબા અને ડાન્સ કરી બહેનોએ ખૂબ જ આનંદ માણ્યો હતો. આ પ્રસંગે મહિલા પાંખના મહામંત્રી શર્મિષ્ઠાબેન મહેતા તથા મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી. ભોજન પ્રસાદ લઈ બહેનોને રોજગાર લક્ષી કાર્યૅકમ અને સંગઠન કરવાનો સંકલ્પ કરેલ હતો.

# સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર ખાતે ધો.૧૦/૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી, ગાંધીનગર શાખા સંચાલિત સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સેક્ટર ૧૨ ગાંધીનગર ખાતે ધોરણ ૧૦ અને ૧૨ ના આગામી માર્ચ ૨૦૨૩ ની પરીક્ષા માં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવા માટેનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને આગામી પરીક્ષામાં ઉપયોગી થઈ શકે તેવું ટ્રાન્સપરન્ટ પેડ દાતા ધવલભાઈ પટેલના હસ્તે તમામ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા. તેમજ શાળાના આચાર્ય ભાવેશકુમાર જાની અને તમામ સ્ટાફ પરિવાર તરફથી વિદ્યાર્થીઓને શુભેચ્છા સ્વરૂપે ટ્રાન્સપરન્ટ પાઉચ બોલપેન તેમજ ચોકલેટ આપી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.



વાડો કાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ચૈતન્ય સ્કૂલ લેકાવાડા ખાતે છેલ્લા ૧૨ વર્ષોથી શાળા સમય દરમિયાન કરાટેના વર્ગોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં શાળાના ૧૦ વિદ્યાર્થીઓએ કરાટેના વિવિધ બેલ્ટની પદવીની પરીક્ષાઓ પાસ કરી હતી. કરાટે નિષ્ણાત ગૌરાંગભાઈ રાણાના માર્ગદર્શનમાં બ્લેક બેલ્ટ નિષ્ણાત દર્શન સુથાર દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી રહી છે. વિવિધ બેલ્ટની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. વિદ્યાર્થીઓને શાળાના નિયામક એલિઝાબેથ કોશી, ટ્રસ્ટી નલીની શુબ્બારાવ, ચીફ ઓફ ઓપરેશન્સ એમ પી જૈન, આચાર્ય સ્વાતિ મટ્ટા તથા ચીફ કો-ઓર્ડીનેટર પ્રતિમા વર્માએ વિદ્યાર્થીઓ તથા કોચને અભિનંદન પાઠવ્યા હતા.

# ઈન્ડિયન સ્વર્ણિમ કલબ દ્વારા ધુળેટી પર્વની ૭મીએ ઉજવણી

તારીખ ૭/ ૩/ ૨૩ ના મંગળવાર ના રોજ સવારે ૯:૩૦ થી ૧૧:૦૦ કલાકે પંચદેવ મંદિર સેક્ટર ૨૨ ગાંધીનગર મુકામે ધુળેટી પર્વની ઉજવણીનો આયોજન કરવામાં આવેલ છે સંસ્થાના પ્રેસિડેન્ટ શ્રીમતી વિમળાબેન યાદવ, અને સમસ્ત ટીમ દ્વારા પૂજા અર્ચન, અબીલ ગુલાલ તથા હોળીના પર્વે હોળી ધુળેટી ના પરવે ગીતોનો કાર્યક્રમ રાખેલ છે જેમાં ઝોનલ પ્રેસિડેન્ટ રાધેશ્યામભાઈ યાદવ પ્રસંગ વક્તવ્ય આપશે. પૂજ્ય ભાનુપ્રસાદ મહારાજ આશીર્વાદ પાઠવશે. સંસ્થાના દરેક હોદેદારો સભ્યો શુભેચ્છકો સર્વે સહપરિવાર તેવી નમ્ર વિનંતી છે ધાણી ખજૂરના પ્રસાદ અને અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.શાહ હસુમતીબેન રસિકલાલ ઉ.વ.૮૪, ગાંધીનગર
- સ્વ.સોલંકી અંબાલાલ દલાભાઈ ઉ.વ.૮૮, ગાંધીનગર
- સ્વ.રાઠોડ મધુબેન ખુમાનસિંહ ઉ.વ.૪૭, ગાંધીનગર